ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પંડિત દીનદયાલ ઉપાધ્યાય 1916 2016 જન્મ શતાબ્દી વર્ષ

પ્રેસનોટ.૦૧ તા.૦૪.૦૧.૨૦૧૮

------------------

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય “શ્રી કમલમ્” ખાતે પ્રદેશ બેઠક યોજાઇ**

------------------

**ગુજરાતમાં સતત ૨૨ વર્ષ બાદ ફરીથી પાંચ વર્ષ માટેનો ભાજપાને મેન્ડેટ આપવા બદલ ગુજરાતની જનતાનો આભારી છું, લોકોની આશાઓ અને અપેક્ષાઓ પૂર્ણ કરવાની આપણી જવાબદારી છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

------------------

**આગામી ૭૫ નગરપાલીકા, ૦૨ જીલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણીઓ માટેની રણનીતિ ઘડાઇ, તારીખ ૧૧,૧૨,૧૩ જાન્યુઆરીએ નિરિક્ષકો જશે**

------------------

**ભારતને વિશ્વગુરુના સ્થાન પર પહોચાડવા માટે ૨૦૧૯માં કેન્દ્રમાં ફરીથી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભાજપા સરકાર બને તે અત્યંત જરૂરી છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

------------------

**ગુજરાતમાં સતત છઠ્ઠી વખત ભાજપાની સરકાર બની છે જે ભાજપાના કાર્યકરોના પરિશ્રમની પરાકાષ્ઠાનું પરિણામ છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------------

**આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પણ જનતાના આશીર્વાદથી ભાજપાનો વિજય નિશ્ચિત છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------------

**ગુજરાતમાં જ્ઞાતિવાદ-જાતિવાદનું ઝેર ફેલાવવાનું પાપ કોંગ્રેસે કર્યું પરંતુ ગુજરાતની જનતાએ કોંગ્રેસની આ મેલી મુરાદને ઓળખી તેને ફરી એકવખત સત્તાથી દૂર રાખી છે – શ્રી ભીખુભાઇ દલસાણીયા**

------------------

ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યાએ ભાજપા પ્રદેશ કાર્યાલય ખાતે મળેલ સંગઠનાત્મક બેઠકોની માહિતી આપતાં જણાવ્યું હતું કે, આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય **“શ્રી કમલમ્”** ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તથા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ હોદ્દેદારો તેમજ જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ, પ્રમુખ/મહામંત્રીશ્રીઓ અને નગરપાલિકા, જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓના ઇન્ચાર્જશ્રીઓની બેઠક યોજાઇ હતી. દીપ પ્રાગટ્ય તેમજ “વંદે માતરમ્”ના ગાન સાથે બેઠકની શરૂઆત થઇ હતી.

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ તેમના પ્રેરક ઉદ્બોધનમાં સૌ કાર્યકર્તાઓને અભિનંદન આપતાં જણાવ્યું હતુ કે, ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીઓ પૂર્ણ થયા પછી પાંચ વર્ષની નવી ઇનીંગ રમવા માટે આપણે સૌ કાર્યરત થયા છીએ. સામાન્ય રીતે અનેક રાજ્યોમાં દર પાંચ વર્ષે સરકારો બદલાય છે. જ્યારે ગુજરાતમાં સતત ૨૨ વર્ષ બાદ ફરીથી પાંચ વર્ષ માટેનો મેન્ડેટ ગુજરાતની જનતાએ ભાજપાને આપ્યો છે ત્યારે, લોકોની આશાઓ અને અપેક્ષાઓ પૂર્ણ કરવાની આપણી જવાબદારી છે. સંપૂર્ણ બહુમતી આપીને આપણા પર જે ભરોસો મુક્યો છે તે પૂર્ણ કરવા માટે આપણે સૌ કટિબધ્ધ બનીએ. સાતત્યપૂર્ણ રીતે સત છઠ્ઠી વખત સરકારી બનાવવી એ લોકશાહીમાં બહુ મોટી ઘટના છે. ૨૦૧૯ લોકસભાની ચૂંટણી એ આપણા માટે અંતિમ યુધ્ધ છે. દેશની લાંબાગાળાની વિકાસયાત્રા માટે અને ભારતને વિશ્વગુરુના સ્થાન પર પહોચાડવા માટે ૨૦૧૯માં કેન્દ્રમાં ફરીથી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભાજપા સરકાર બને તે અત્યંત જરૂરી છે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતુ કે, આગામી ૭૫ નગરપાલીકાઓ, ૦૨ જીલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપાની જીત એ ૨૦૧૯નો પાયો છે. વિધાનસભાની ચૂંટણીઓમાં જે બુથો માઇનસ થયા છે ત્યાં વધુ ધ્યાન આપી આવા બુથોને ફરીથી પ્લસમાં લાવીએ. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભવ્ય જીતના વિશ્વાસ સાથે આપણે ફરીથી ચૂંટણી મેદાનમાં ઉતરવાનું છે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતુ કે, ગુજરાતમાં સતત છઠ્ઠી વખત ભાજપાની સરકાર બની છે જે ભાજપાના કાર્યકરોના પરિશ્રમની પરાકાષ્ઠાનું પરિણામ છે. ઐતિહાસિક જીત માટે ભાજપાના બુથ સુધીના તમામ કાર્યકર્તાઓને અભિનંદન પાઠવું છું. સાથે ગુજરાતની જનતાનો અને ભાજપાના કેન્દ્રિય તેમજ ગુજરાતના નેતૃત્વનો હદયપૂર્વક આભાર માનુ છું. કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં અરાજકતા અને અંધાધુંધીનું વાતાવરણ ઉભું કરવાની તમામ કોશીષ કરવામાં આવી તેમ છતાં ગુજરાતની શાણી જનતાએ ભાજપાને સંપૂર્ણ બહુમતી સાથેનો ક્લીયરકટ મેન્ડેટ આપ્યો છે. કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં ગુજરાતની જનતાને તમામ સુવિધાઓ મફત આપવાની લોભામણી જાહેરાતો કરી તેમ છતાં ગુજરાતની શાણી અને સમજુ જનતા છેતરાણી નથી કે ખોટી લાલચમાં આવી નથી. તેથી ગુજરાતની જનતા લાખ-લાખ અભિનંદનને પાત્ર છે.

શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતુ કે, આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં આપણે ફરીથી જનતા વચ્ચે જઇ આપણા કરેલા વિકાસના કાર્યો તેમજ આગામી સ્થાનિક યોજનાઓની રૂપરેખા સાથે જનમાનસમાં આપણા કરેલા કાર્યોની સ્વીકૃતિ વધે તે માટે કાર્યરત થવાનું છે.

પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાએ સતત છઠ્ઠીવખત ભાજપાની સરકાર બનાવવામાં મહત્વનું કાર્ય કરનાર સૌ કાર્યકર્તાઓને અભિનંદન આપતાં જણાવ્યું હતુ કે, ૪૯ ટકા વોટશેર સાથે આપણે ગુજરાતમાં સરકાર બનાવી છે. જ્યારે, બીજા અનેક રાજ્યોમાં ફક્ત ૨૮-૩૦ ટકા વોટશેર સાથે સરકારો બનતી હોય છે. ગુજરાતમાં ભાજપાના જનાધારમાં વધારો થયો છે, જે દર્શાવે છે કે, ગુજરાતની જનતાને ભાજપાની સુશાસન અને વિકાસલક્ષી રાજનીતિ પર સંપૂર્ણ ભરોસો છે. કોંગ્રેસ સીધી લડાઇમાં ભાજપાને હરાવી શકે તેમ નથી જેથી પાકિસ્તાનની જેમ કોંગ્રેસે પ્રોક્સીવોર શરૂ કરી દીધી છે. ગુજરાતમાં હાલ કોંગ્રેસ આઉટસોર્સીંગ પર ચાલે છે. ગુજરાતમાં પણ જ્ઞાતિવાદ-જાતિવાદનું ઝેર ફેલાવવાનું પાપ કોંગ્રેસે કર્યું પરંતુ ગુજરાતની જનતાએ કોંગ્રેસની આ મેલી મુરાદને ઓળખી તેને ફરી એકવખત સત્તાથી દૂર રાખી છે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પણ ગુજરાતની જનતા કોંગ્રેસને જડબાતોડ જવાબ આપશે.

પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમારે ભાજપાના આગામી કાર્યક્રમોની વિગતો આપી હતી.
જે મુજબ આગામી કાર્યક્રમો નીચે મુજબ છે,

**૧.** તારીખ ૧૧,૧૨,૧૩ જાન્યુઆરીના રોજ આગામી સમયમાં ચૂંટણીઓમાં યોજાનાર છે ત્યાં, નિરિક્ષકશ્રીઓ જશે.

**૨.** તારીખ ૧૨ જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે ભાજપા યુવા મોરચા દ્વારા વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

**૩.** તારીખ ૧૪મી જાન્યુઆરીના રોજ મકરસક્રાંતિ નિમિત્તે ભાજપા સંગઠન દ્વારા તલના લાડુ અને ચિક્કીની વહેચણી સેવાવસ્તીમાં જઇને કરવામાં આવશે.

**૪.** તારીખ ૧૬,૧૭,૧૮ જાન્યુઆરીના રોજ "ઘર-ઘર ચલો અભિયાન" અંતર્ગત આગામી સમયમાં જ્યાં પણ ચૂંટણીઓ છે ત્યાં, જનસંપર્ક કરાશે.

**૫.** તારીખ ૨૮ જાન્યુઆરીના રોજ વડાપ્રધાનશ્રીના "મન કી બાત" કાર્યક્રમનું સામુહિક રૂપે શ્રવણ કરાશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા સેલ